
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



SHRI ATMANAND PRAKASH



શ્રી તાલધ્વજ ગિરિ.

પુસ્તક ૫૨
અંક ૧૦ મો

પ્રકાશકઃ-
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

વૈશાખ
સં. ૨૦૧૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અ-નુ-ક્ર-મ-ણિ-કા


૧ પંચ નમસ્કાર ... ... ... ... ... ... ... ... ૧૪૯
૨ શ્રી નવપદજીનાં પ્રાચીન ચૈત્યવંદનો-સાર્થ ... ( પં. શ્રી રામવિજયજી ગણિવર્ય ) ૧૫૦
૩ આગમ-પુરુષ : સમય, અવયવો અને પ્રતિકૃતિ ( પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડીયા એમ એ. ) ૧૫૧
૪ શ્રી અંતરીક્ષ પાર્શ્વનાથ મહિમા છંદ ... ... ... ...( મુનિ કંચનવિજય ) ૧૫૬


---

## શ્રી કથારત્નકોષ ( ભાષાંતર દ્વિતીય ભાગ. )

### કર્તા—શ્રી દેવભદ્રાચાર્ય મહારાજ.

જેમાં સમ્યક્ત્વના તેત્રીશ સામાન્ય ગુણો, પંચ અણુવ્રતના સત્તર વિશેષ ગુણો મળી પચાસ ગુણોનું સુંદર-સરલ નિરૂપણ તથા વર્ણન, તેને લગતી પ્રાસંગિક, મૌલિક, અનુપમ નહિં જાણેલી, સાંભળેલી, વાંચેલી, નવીન પચાસ કથાઓ, અન્ય અનેક અંતર કથાઓ અને સત્પુરુષોના માર્ગો, ઋતુ, ઉપવન, રાજ્ય લક્ષણો, સામુદ્રિક તેમ જ વ્યવહારિક, સામાજિક, રાજકીય અને નૈતિક વગેરે અનેક વિષયો દેવ, ગુરુ, ધર્મ, જિનપૂજા વગેરેના સ્વરૂપો અને વિધાનોનું વર્ણન વગેરે અનેક વિષયો આવેલા છે. પ્રથમ ભાગમાં સમ્યક્ત્વના વીશ ગુણોનું વર્ણન આપવામાં આવ્યું છે. આ બીજા ભાગમાં બાકીના તેર સમ્યકત્વના અને સત્તર પંચ અણુવ્રતના મળી કુલ ત્રીશ ગુણોનું કથાઓ સહિત વર્ણન આપવામાં આવ્યું છે. સારા કાગળો ઉપર સુંદર ગુજરાતી અક્ષરોથી **આ સભાના માનવંતા પેટ્રન સાહેબો, લાઇફ મેમ્બરોને ધારા પ્રમાણે ભેટ** આપવા આ ગ્રંથ છપાય છે. સુમારે ચાલીસ ફોર્મ ઉપરાંત ક્રાઉન આઠ પેજી લગભગ ચારસો પૃષ્ઠમાં તૈયાર થશે. **આસો વદી ૦)) સુધીમાં નવા થનારા પેટ્રન સાહેબો તથા લાઇફ મેમ્બરોને પણ ભેટ આપવામાં આવશે.** કિંમત સુમારે રૂા. નવ થશે,

---

### ફરી નહીં છપાવવામાં આવતા બે અમૂલ્ય ગ્રંથો મળી શકશે માટે મંગાવો.

## ૧ શ્રી કલ્પસૂત્ર ( બારસા ) મૂળ પાઠ.

દર વર્ષે પર્યુષણ પર્વમાં અને સંવત્સરી દિને પૂજ્ય મુનિ મહારાજાઓ વાંચી ચતુર્વિધ સંઘને સંભળાવે છે જેનો અપૂર્વ મહિમા છે, તે શાસ્ત્રી મોટા ટાઇપમાં પ્રતાકારે સુંદર અક્ષરોથી અને સુશોભિત પાટલીસહિત છે, જેથી પૂજ્ય મુનિમહારાજા કે જ્ઞાનભંડાર, લાઇબ્રેરી કે જૈન બંધુઓને જોઇએ તેમણે મંગાવી લેવા નમ્ર સૂચના છે. કિં. રૂા. ૩-૦-૦ પોસ્ટેજ જુદું.

**૨ સજ્ઝાયમાળા**—શાસ્ત્રી શુદ્ધ રીતે મોટા અક્ષરોથી છપાયેલ, શ્રી પૂર્વાચાર્ય-અનેક જૈન પંડિતો વિરચિત, વિવિધ વિષયક વૈરાગ્યાદિ રસોત્પાદક, આત્માને આનંદ આપનાર ૧૩ મા સૈકાથી અઢારમા સૈકા સુધીમાં થઇ ગયેલા પૂજ્ય આચાર્યદેવો અને પંડિત મુનિમહારાજાએ રચેલ સજ્ઝાયનો સંગ્રહ આ ગ્રંથમાં આવેલો છે, કે જે વાંચતા મહાપુરુષોના ચારિત્રની ઘટના આપણી પૂર્વની જાહોજલાલી, અને વાચકને વૈરાગ્યવૃત્તિ તરફ દોરે છે. પચાસ ફોર્મ ૪૦૮ પાનાનો સુંદર કાગળો શાસ્ત્રી મોટા ટાઇપો, અને પાકા બાઇંડીંગથી અલંકૃત કરેલ છે. કિંમત રૂા. ૪-૮-૦ પોસ્ટેજ જુદું. માત્ર પચીશ કોપી સિલિકે રહી છે.

**લખો:—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આત્માનંદ પ્રકાશ

વીર સં. ૨૪૮૧. વૈશાખ–મે પુસ્તક ૫૨ મું.
વિક્રમ સં. ૨૦૧૧. અંક ૧૦ મો.

# पंच नमस्कार.

સમ્યક્ત્વમાં સ્થિર વૃત્તિવાળો પુરુષ હોય છતાં તે, પાંચ નમસ્કાર તરફ વિશેષ ભક્તિ રાખતો હોય તો જ પોતાનું પરમ વાંછિત પામી શકે છે. અરિહંતો, સિદ્ધો, સૂરિઓ, આચાર્યો, ઉપાધ્યાયો અને સાધુઓ એ પાંચ પરમેષ્ઠિઓ છે અને એમને નમન કરવું તે નમસ્કાર કહેવાય અર્થાત્ ઉક્ત પાંચ પરમેષ્ઠિઓને નમન કરવું તે પંચ નમસ્કાર કહેવાય. એ પાંચ પરમેષ્ઠિઓને આદર–વિનય સહિત નમસ્કાર કરવામાં આવે તો એ નમસ્કાર, નમસ્કાર કરનારા જીવોને સમગ્ર કલ્યાણના કારણભૂત બને છે. જે જીવનાં ઘણાં ઘણાં પાપોનો ક્ષય થઈ ગયો હોય તે જ જીવ, એ પાંચ નમસ્કારમાંના એક એક અક્ષરને સવિનય મેળવી શકે છે અર્થાત્ ઘણું ઘણું પુણ્ય હોય તો જ નમસ્કારનો અક્ષર પણ મેળવી શકાય છે. જેમ સૂરજ અંધારાને હાંકી કાઢે છે, ચિંતામણિ રત્ન જેમ દાળદરને ફેડી નાંખે છે તેમ ચિંતવવા માત્રથી જ એ નમસ્કાર સમગ્ર જાતના ભયોને નસાડી મૂકે છે. જેમકે, જે પુરુષ આદરપૂર્વક અને વિનય સહિત પંચ પરમેષ્ઠિઓને નમસ્કાર કરે છે તેને ધગધગતો દાવાનળ દઝાડી શકતો નથી, ઝનૂનમાં આવેલો સિંહ પણ તેને મારી શકતો નથી, સર્પ પણ તેની પાસે આવી શકતો નથી, અને છકેલો હાથી પણ તેને ચાંપી શકતો નથી. શત્રુ પણ તેને પીડી શકતો નથી, ભૂત, શાકિનીઓ કે ડાકણો પણ તેને ડરાવી શકતી નથી, ચોર તેને લૂંટી શકતો નથી, અને પાણીનું ધસમસતું પૂર પણ તેને ડુબાવી શકતું નથી. અથવા આટલું જ બસ નથી, પરંતુ જેનું મન નવકાર તરફ જ છે એવો અર્થાત્ પંચ પરમેષ્ઠિઓને સવિનય નમસ્કાર કરનારો પ્રાણી આ લોક અને પરલોકમાં પોતાનું વાંછિત પામી શકે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી નવપદજીનાં પ્રાચીન ચૈત્યવંદનો

## સાતમું જ્ઞાનપદ ચૈત્યવંદન–સાર્થ

( વિવેચનકારઃ—પં. મ. શ્રી રામવિજયજી ગણિવર્ય )

**ક્ષિપ્રાદિક રસ રામ વહ્નિ,**
**મિત આદિમ નાણ;**
**ભાવ મિલાપ સેં જિન જનિત,**
**સુય વીસ પ્રમાણ. ૧**
**ભવ ગુણ પજ્જવ ઓહિ હોય,**
**મણ લોચન નાણ;**
**લોકાલોક સ્વરૂપ નાણ,**
**ઇક કેવલ ભાણ. ૨**
**નાણાવરણી નાશથી એ,**
**ચેતન નાણ પ્રકાશ;**
**સપ્તમ પદ મેં હીરધર્મ,**
**નિત ચાહત અવકાશ. ૩**

**અર્થ:**—ક્ષિપ્ર વિગેરે ભેદથી પ્રથમ મતિજ્ઞાન ૩૩૬ ભેદવાળું છે; શ્રુતજ્ઞાન કે જે જિનેશ્વર પ્રભુએ કહેલ છે તે ભાવના મિલનથી વીશ ભેદે સુવિખ્યાત છે; વળી અવધિજ્ઞાન ભવપ્રત્યયિક અને ગુણપ્રત્યયિક એમ બે ભેદે બતાવેલ છે; ચોથું મનઃપર્યવ જ્ઞાન પણ બે ભેદે પ્રકટ છે; કેવલજ્ઞાન ફક્ત એક ભેદથી જ છે; જ્ઞાનાવરણીય કર્મના નાશથી જીવને જ્ઞાન-ગુણનો પ્રકાશ થાય છે; સાતમા જ્ઞાન પદમાં અમારું સ્થાન થાય એમ કવિ હીરધર્મ નામના મુનિપુંગવ હંમેશાં ઇચ્છા કરે છે.

**વિશિષ્ટ અર્થ:**—તત્ત્વાર્થાધિગમસૂત્રના પ્રથમ અધ્યાયના સોળમા સૂત્રમાં ક્ષિપ્ર, અક્ષિપ્ર વિગેરે ૩૩૬ ભેદ મતિજ્ઞાનના થાય છે; તેમાં વ્યંજનાવગ્રહના ચાર, અર્થાવગ્રહના છ. ઇહા, અપાય અને ધારણાના દરેકના છ એમ અઠ્ઠાવીશ ભેદે મતિજ્ઞાન છે; એકેકના બહુ, અબહુ, બહુવિધ, અબહુવિધ, ક્ષિપ્ર, અક્ષિપ્ર, અનિશ્રિત, નિશ્રિત, ઉક્ત, અનુક્ત, ધ્રુવ અને અધ્રુવ વિગેરે બાર બાર ભેદ ગણતાં ૨૮×૧૨=૩૩૬ ભેદ થાય. પ્રથમ કર્મગ્રંથની શરૂઆતની ગાથાઓમાં પણ આ હકીકત પ્રસિદ્ધ છે; વહ્નિ એટલે ત્રણ, રામ એટલે ત્રણ, રસ એટલે છની સંખ્યા લેવી; તેથી મતિજ્ઞાનના ૩૩૬ ભેદો જાણવા. તેમાં ચાર પ્રકારની બુદ્ધિ મળે તો નંદિસૂત્રના આધારે મતિજ્ઞાનના ૩૪૦ ભેદ થાય. વળી શ્રુતજ્ઞાનના વીશ ભેદ છે. તે 'પજ્જય અખ્ખર પદ સંઘાય' એ નામની આરંભથી શરૂ થતી ગાથામાં પ્રથમ કર્મગ્રંથના શ્રુતજ્ઞાનના વિચાર પ્રસ્તાવમાં છે તે રીતે ગણતાં શ્રુતજ્ઞાનના વીશ ભેદો છે; અવધિજ્ઞાનના બે ભેદો છે; ગુણથી મનુષ્ય તિર્યંચને અને ભવથી દેવ નારકીઓને હોય છે; તે પણ તત્ત્વાર્થસૂત્રના અધ્યાયમાં તેમજ પ્રથમ કર્મગ્રંથની શરૂઆતમાં દેખાડેલ છે. વળી 'મણ લોચન નાણ' એવા શબ્દોથી લોચન એટલે બે ચક્ષુઓ છે, તે સંજ્ઞા ગણતાં મનઃપર્યવજ્ઞાન, ઋજુમતિ અને વિપુલમતિ બે પ્રકારે છે; કેવલજ્ઞાનનો એક જ પ્રકાર છે; કર્મગ્રંથમાં તથા જ્ઞાનપંચમીના દેવવંદનમાં સ્તવન–દુહારૂપી એકાવન ભેદે જ્ઞાન વર્ણવેલું છે; નંદિસૂત્રની સાક્ષી પ્રબલ છે; મતિજ્ઞાનના ભેદો ૨૮, શ્રુતજ્ઞાનના ૧૪, અવધિજ્ઞાનના ૬, મનઃપર્યવજ્ઞાનના ૨ અને કેવલજ્ઞાનનો ૧ ભેદ કુલ જ્ઞાનના ૫૧ ભેદો કહેલ છે. આ જ્ઞાનની આરાધના ભવ્ય જીવને કલ્યાણકારી છે; આપણા આત્માને અનાદિકાળથી જ્ઞાનાવરણીયકર્મ અને બીજા સાત કર્મ લાગેલા છે. જ્ઞાનાવરણીયકર્મ આત્માના જ્ઞાન ગુણને ઢાંકે છે; જેટલે જેટલે અંશે જ્ઞાનાવરણીય કર્મ હઠાવાય તેટલે તેટલે અંશે ક્ષયોપશમ વધતાં વધતાં અપ્રતિપાતિ જ્ઞાન પણ ભવાંતરે જીવ પામી શકે છે; જ્ઞાન, જ્ઞાનની ભક્તિ, આશાતનાનો ત્યાગ, જ્ઞાન પંચમીની આરાધના, ૐ **ह्रीँ नमो नाणस्स** પદની વીશ નવકારવાળીના જાપથી થઇ શકે છે; જ્ઞાન વિનાનું જીવન પશુ સમાન છે–એવી રીતે કવિરત્ન હીરધર્મ નામના મુનિપુંગવ સપ્તમ પદમાં જ્ઞાનની આરાધના હંમેશાં ચાહે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આગમ–પુરુષ : સમય, અવયવો અને પ્રતિકૃતિ

( લે. પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ. )

**પદ-વિચાર**–' આગમ–પુરુષ ' માં ' આગમ ' અને ' પુરુષ ' એ બે શબ્દો છે. એના ઉપરથી ' આગમ–પુરુષ ' એવો ' કર્મધારય ' સમાસ બનાવાયો છે. આગમ–પુરુષ એટલે આગમરૂપ પુરુષ. આગમોને પુરુષ માનવાની કલ્પનામાંથી ' આગમ–પુરુષ ' જેવો પ્રયોગ ઉદ્દભવ્યો છે.

**નંદીની ચુણ્ણિનો રચના–સમય**—નંદી નામના એક જૈન આગમ ઉપર જિનદાસગણિ મહત્તરે ચુણ્ણિ રચી છે. એ શક સંવત્ ૫૯૮ અર્થાત્ વિ. સં. ૭૩૩ માં રચાઇ છે એમ એની વિવિધ હાથપોથીઓ જોતાં જણાય છે અને એથી ઘણાખરા વિદ્વાનો આ ચુણ્ણિના રચનાસમય તરીકે શકસંવત્ ૫૯૮ નો નિર્દેશ કરે છે.

આગમોદ્ધારક શ્રી આનંદસાગરસૂરિજીએ આ ચુણ્ણિનું સંપાદન કર્યું છે અને એ " શ્રી ઋષભદેવજી કેશરીમલજી શ્વેતાંબર સંસ્થા " તરફથી રતલામથી ઈ. સ. ૧૯૨૮ માં પ્રસિદ્ધ કરાઈ છે. એમાં શકસંવત્ ૫૦૦ નો ઉલ્લેખ છે.[૧] આને આગમોદ્ધારકે ગ્રંથકારે દર્શાવેલો રચના–કાલ ગણ્યો નથી એમ એમણે આ મુદ્રિત ચૂર્ણિની આ વૃત્તિના પ્રારંભમાં કરેલા નિમ્નલિખિત ઉલ્લેખ ઉપરથી જાણી શકાય છે:–

**" नन्दीचूर्णिकालस्तु लेखकादिलिखित इति न विश्वासार्हः, न स ग्रन्थमध्ये ग्रन्थकृल्लिखितः इति न बाधः इति ज्ञापयत्यानन्दसागरः "**

આ સંબંધમાં " અકલંક ગ્રન્થત્રયમ્ " ના હિંદી ' પ્રાસ્તાવિક( પૃ. ૪–૫ )માં જિનવિજયજીએ ટિપ્પણરૂપે પોતાનું વક્તવ્ય હિંદીમાં રજૂ કર્યું છે. તેમ કરતી વેળા એમણે કહ્યું છે કે કોઇ વિદ્વાન, નંદીની ચૂર્ણિના અંતમાં રચનાસમયને અંગે જે પંક્તિ છે તેને પ્રક્ષિપ્ત માને છે અને એનો અપલાપ કરે છે એટલું જ નહિ પણ પોતે છપાવેલા ગ્રંથમાંથી એટલા વાક્યાંશને સ્વેચ્છાપૂર્વક કાઢી નાંખવા સુધીનો અધિકાર રાખે છે અને કોઇ પણ પ્રમાણ દર્શાવ્યા વિના એમ કહેવા ઇચ્છે છે કે કોઇ કોઇ પ્રતિમાં આ પાઠ મળતો નથી અને એથી એ પ્રક્ષિપ્ત છે. નંદીની ચૂર્ણિ જે છપાઇ છે તેમાં આમ જ કરાયું છે.

આ મતલબનો ઉલ્લેખ કરી એમણે આગમોદ્ધારકને અંગે એવો સંદેહ ઉઠાવ્યો છે કે એમણે સાભિપ્રાય નંદીચૂર્ણિના એ ઉલ્લેખનો નાશ કરવાનો પ્રયત્ન કર્યો છે અને તેમ કરીને આપણા એક મહાન્ પૂર્વાચાર્યની કૃતિના અને સાથે સાથે એક સાર્વજનિક ઐતિહાસિક તથ્યનો અપલાપ કરવાનો નિન્દ્ય અપરાધ કર્યો છે.

આ બાબત મેં આઠેક વર્ષો પૂર્વે આગમોદ્ધારકનું સાદર લક્ષ્ય ખેંચતાં એમણે મને કહ્યું હતું કે આ સંદેહના નિરસન માટે મેં કામમાં લીધેલી હાથપોથી મારે રજૂ કરવી જોઇએ, પણ એ હાથપોથી નાની છે અને એ કોઇ અન્ય હાથપોથીમાં મૂકાઇ જવાથી કોઇને અપાયા બાદ એમની તરફથી એ પાછી નહિ મળવાથી, હું એ તમને બતાવી શકતો નથી. બાકી એ હાથપોથી મેળવવા મારો આજે વર્ષોથી પ્રયાસ ચાલુ છે. વિશેષમાં હરિભદ્રસૂરિના સમય માટે પણ હું અન્ય સાધનો વિચારું છું.[૨]

આ પરિસ્થિતિમાં નંદીના જિનદાસગણિકૃત ચુણ્ણિની હાથપોથીઓ જેમની જેમની પાસે એક યા બીજા કારણથી હોય તેમને મારી સવિનય વિજ્ઞપ્તિ છે કે તેમની પાસે આગમોદ્ધારકે કામમાં લીધેલી હાથપોથી હોય તો તે વાત વિના વિલંબે જાહેર કરવી, જેથી આ સૂરિવર્યના કાર્યને અંગે

૧ " सकराजतो पंचसु वर्षशतेषु नंद्यध्ययनचूर्णी समाप्ता इति "

૨ આથી જણાશે કે હરિભદ્રસૂરિના સમય પરત્વેનું પોતાનું મંતવ્ય ગમે તેમ કરીને સિદ્ધ કરવા આગમોદ્ધારક ઇચ્છતા ન હતા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે સંદેહ **જિન**વિજયજીએ દર્શાવ્યો છે તે દૂર થાય. વિશેષમાં રચનાસમય તરીકે એ હાથપોથીમાં શો ઉલ્લેખ છે તે પણ જણાવવું. વળી આ લેખમાં અગ્રસ્થાન ભોગવતી જે ગાથાનો હવે પછી હું નિર્દેશ કરવા ઇચ્છું છું તે પણ હાથપોથીમાં જેવી હોય તેવી રજૂ કરવી. જેથી એ ગાથાના અર્થ વિષે છેવટનો નિર્ણય થઇ શકે. સાથે સાથે ચુણ્ણિના કર્તાના નામને લગતું જે પદ્ય લગભગ અંતમાં જોવાય છે તે પણ દર્શાવવું જેથી એ પદ્યનો અર્થ બરાબર નક્કી થઇ શકે.

**આગમ-પુરુષનાં અવયવો**—નંદીની મુદ્રિત ચુણ્ણિ ( પત્ર ૪૭ )માં આગમ-પુરુષ વિષે નિમ્નલિખિત ગાથા છેઃ—

**"पादयुगं जंघोरू गातदुपगं च दो य बाहू ता।
गीवा सिरं च पुरिसो बारसअंगो
सुतविसिट्ठो ॥"**

આના પછીની પંક્તિમાં '**सुतपुरिस**' એવો શબ્દગુચ્છ છે. ઉપર્યુક્ત ગાથાનો અર્થ હું દર્શાવું તે પૂર્વે **નંદીની** હારિભદ્રીય વૃત્તિ ( પત્ર ૯૦ )માં આ ગાથા કંઇક પાઠભેદપૂર્વક નજરે પડે છે તે હું નોંધું છુંઃ—

**"पाददुगं २ जंघो २ रू २ गातदुयगं च २
दो य बाहूओ २।
गीवा १ सिरं च १ पुरिसो बारसअंगो
सुयविसिट्ठो ॥"**

અર્થ-દૃષ્ટિએ તો આ ગાથા ઉપર્યુક્ત ગાથા સાથે સર્વાંશે મળે છે. આ ગાથા સમભાવભાવી હરિભદ્રસૂરિએ અવતરણરૂપે રજૂ કરી હોય એમ લાગે છે. જો એમ જ હોય તો એમણે આ ગાથા ઉપર્યુક્ત ચુણ્ણિમાંથી ઉદ્ધૃત કરી છે કે અન્ય કોઇ કૃતિમાંથી તેનો નિર્ણય કરવો બાકી રહે છે. બાકી સામાન્ય રીતે એમ મનાય કે ચુણ્ણિમાંથી આ ગાથા રજૂ કરાઇ છે.

વ્યાખ્યાવિશારદ મલયગિરિસૂરિએ ઉપર્યુક્ત ચુણ્ણિ તેમજ હારિભદ્રીય વૃત્તિનો ઉપયોગ કરીને નંદી ઉપર વૃત્તિ રચી છે. એમાં ( પત્ર [1]૨૦૩આમાં ) એમણે અવતરણ તરીકે નિમ્નલિખિત ગાથા આપી છેઃ—

**"पायदुगं जंघोरू गायदुगद्धं तु दो य बाहू य।
गीवा सिरं च पुरिसो बारसअंगो सुपविसिट्ठो ॥"**

આ ગાથા આપવા પૂર્વે મલયગિરિસૂરિએ આ ૨૦૩આ પત્રમાં કહ્યું છે કે પુરુષનાં બાર અંગ હોય છે. જેમ કે બે ચરણ, બે જંઘા, બે સાથળ ( જાંઘ ), બે ગાત્રાર્થ, બે બાહુ ( હાથ ), ડોક અને મસ્તક એ પ્રમાણે શ્રુતરૂપ પરમ પુરુષનાં **આયાર** વગેરે બાર અંગો ક્રમપૂર્વક જાણવાં.

ચુણ્ણિ અને હારિભદ્રીય વૃત્તિમાંથી જે ગાથા ઉપર મેં આપી છે તેનો અર્થ એ છે કે-બે ચરણ, બે જંઘા, બે જાંઘ, બે ગાત્ર, બે બાહુ, ડોક અને મસ્તક એ બાર અંગવાળો શ્રુતવિશિષ્ટ પુરુષ છે અર્થાત્ આગમ-પુરુષનાં બે ચરણ ઇત્યાદિ બાર અંગો તરીકે **આયાર, સૂયગડ** એમ **દિટ્ઠિવાય** સુધીનાં બાર અંગો સમજવાનાં છે.

મલયગિરિસૂરિકૃત વૃત્તિમાંના અવતરણનો પણ આ અર્થ છે. ફેર એ છે કે અહીં બે ગાત્રને બદલે બે ગાત્રાર્ધનો ઉલ્લેખ છે. આ ગાત્રાર્ધથી શું સમજવું તે વિષે મલયગિરિસૂરિએ કશું કહ્યું નથી-એવી હકીકત 'ગાત્ર' માટે પણ જોવાય છે. આ સંબંધમાં વિ. સં. ૧૮૮૨ માં એટલે કે આજથી ૧૨૯ વર્ષ પૂર્વે લખાયેલા એક પાનામાં નીચે મુજબ ઉલ્લેખ છે એમ **શ્રીઆગમપુરુષનું રહસ્ય** ( પરિશિષ્ટ ૫, પૃ. ૬૪ )માં નિર્દેશ છેઃ—

**"गाय दोय=पीठ, पेडु, उपासग, अंतगड"**

આથી બે ગાત્ર એટલે શરીરના પાછલા ભાગે આવેલી 'પીઠ' અને શરીરના આગલા ભાગમાં નાભિની નીચે આવેલું 'પેઢું' એમ બે અંગ સમજવાં એમ ફલિત થાય છે. 'ખરતર' ગચ્છના જિનભક્તિસૂરિના શિષ્ય જિનલાભસૂરિએ વિ. સં.

[1] આ પત્રાંક આગમોદયસમિતિ તરફથી ઇ. સ. ૧૯૨૪ માં છપાયેલી આવૃત્તિ અનુસાર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૮૩૩માં **આત્મબોધ** યાને **આત્મપ્રબોધ** રચ્યો છે. એની ટીકા સ્વોપજ્ઞ હોય એમ જણાય છે. આ [1]**આત્મપ્રબોધ**ના ત્રીજા પ્રકાશ( પદ્ય ૧૦૦ )ની ટીકામાં **નંદી**ની હારિભદ્રીય વૃત્તિમાંથી ઉપર્યુક્ત [2]ગાથા નજરે પડે છે. એના સ્પષ્ટીકરણ તરીકે પત્ર ૨૬૩માં જે નીચે મુજબ લખાણ છે તેમાં "ગાત્રાદ્વિક"નો [3]અર્થ પીઠ અને પેટ કરાયો છે:—

**"प्रवचनपुरुषस्य पादयुगं तु आचार-सूत्रकृते अङ्गे, जङ्घाद्विकं स्थान-समवायौ, उरुद्विकं भगवती-ज्ञाताधर्मकथाङ्गे, गात्रद्विकं पृष्ठोदररूपं उपासकान्तकृद्दशाङ्गे, बाहुद्विकं अनुत्तरोपपातिकदशा प्रश्नव्याकरणं च, ग्रीवा विपाकश्रुतं शिरश्च दृष्टिवाद इति।"**

આ પૂર્વેની કોઇ કૃતિમાં ગાત્રદ્વિક કે ગાત્રાર્ધનો અર્થ અપાયો છે ખરો અને હોય તો એ શો છે?

જૈનાચાર્ય શ્રી**વિજયપદ્મસૂરિ**એ ૨૪૪ ગાથામાં—આર્યામાં જઇણમરહટ્ઠીમાં **જઇણ-પવયણ-કિરણા-વલી** રચી છે. એના ઉપર એમણે ગુજરાતીમાં સ્પષ્ટાર્થ લખ્યો છે. આ પુસ્તકના મુખપૃષ્ઠ ઉપર **પ્રવચન-કિરણાવલી** એવું નામ છે, પણ પ્રકાશન વર્ષનો ઉલ્લેખ નથી. આ પુસ્તક **આગમોનું દિગ્દર્શન** નામના મારા પુસ્તક ઉપરથી પ્રેરણા મેળવીને અને એનો છૂટથી ઉપયોગ કરીને યોજાયું છે એમ એમણે મને ત્રણેક વાર કહ્યું છે. પૃ. ૨૩માં એમણે નીચે મુજબ [4]ઉલ્લેખ કર્યો છે:—

" શ્રી ઉપાસક દશાંગસૂત્ર અને શ્રી અંતકૃદ્દશાંગ-સૂત્ર આ બે પીઠ ઉદરસ્થાને જાણવાં "

આમ વિધાન કરવા પૂર્વે પૃ. ૨૨ માં એમણે આની ઉત્થાનિકા તરીકે એમ કહ્યું છે કે "શ્રીનંદી-સૂત્રની ચૂર્ણિ વગેરેમાં શ્રુતજ્ઞાન એટલે દ્વાદશાંગીને પુરુષના અંગોની સાથે આ રીતે સરખાવી છે."

શ્રી **વિજયપદ્મસૂરિ**એ કરેલા અર્થ કરતાં ભિન્ન અર્થ આગમોદ્ધારકે, જૈનાચાર્ય શ્રી **વિજયકસ્તૂર-સૂરિજી**એ તેમ જ **અભયસાગરજી** વગેરેએ સૂચવ્યો છે, અને એ પ્રમાણે આગમ-પુરુષની પ્રકૃતિઓ પણ કેટલેક સ્થળેથી આલેખાઇ છે.

આ તો આગમ-પુરુષને અંગેની ગાથા અને એના અર્થની વાત થઇ, પરંતુ આગમ-પુરુષની જે પ્રતિકૃતિઓ મળે છે તે જોતાં ૪૫ કે ૪૬ સુપ્રસિદ્ધ આગમોની યોજનાનો વિચાર કરવો બાકી રહે છે. આ દિશામાં લગભગ સવાસો વર્ષ ઉપર કોઇકે પહેલ કરી છે એમ એ જાતનું ચિત્ર જોતાં જણાય છે, આ ચિત્રની પ્રતિકૃતિ **શ્રી આગમપુરુષનું રહસ્ય** એ નામના પુસ્તકમાં છપાઇ છે. એમાં **દિટ્ઠિવાય** સિવાયનાં **૧૧** અંગો, **૧૨** ઉવંગો, ૬ છેય-સુત્ત, ૪ મૂલસુત્ત, ૨ ચૂલિયાસુત્ત અને ૧૦ પઇણ્ણગ એમ ૪૫ આગમોને સ્થાન અપાયું છે એમાં ૧૧ અંગોનાં નામ અને આગમ-પુરુષનાં એને લગતાં સ્થાનોનાં-અવયવોનાં નામ અપાયાં છે. પણ આગમ-પુરુષને લગતી ગાથા અપાઇ નથી.

આ ચિત્રનું જૂનું પાનું મુનિશ્રી **અભયસાગરજી**ને વિ. સં. ૨૦૦૩ માં મળી આવ્યું હતું ( અને ગયે

૧ આ ગ્રંથ સ્વોપજ્ઞ ટીકા સહિત મૂલચંદ હીરાચંદ ભગતે વિ. સં. ૧૯૯૭ માં છપાવ્યો છે.

૨ **આત્મપ્રબોધ**ની ઉપર્યુક્ત આવૃત્તિમાં એ નીચે મુજબ છપાઇ છે:—

"पायदुगं २ जंघो ४ रू ६ गायदुगद्धं तु ८ दो य बाहू अ १०।
गीवा ११ शिरं १२ च पुरिसो बारसअंगो सुअविसिट्ठो ॥"

૩ ચરણ, જંઘા, ઉરુ અને બાહુને અંગે દક્ષિણ અને વામ એમ વિચારણા કરાઇ છે તો ગાત્રાર્ધ માટે તેમ કરાય તો કેમ? વિશેષમાં કોઇએ જમણું ગાત્રાર્ધ અને ડાબું ગાત્રાર્ધ એવો અર્થ કર્યો છે ખરો? **આવશ્યકટિપ્પણ** આ દિશામાં પ્રકાશ પાડી શકે તેમ છે?

૪ આ ઉલ્લેખ **આત્મપ્રબોધ**ને આભારી છે એમ શ્રી**વિજયપદ્મસૂરિ**એ મને તા. ૨૪-૩-૫૫ ને રોજ અમદાવાદમાં કહ્યું હતું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વર્ષે એની પ્રતિકૃતિ છપાઇ છે), પરંતુ એ પૂર્વે વિ. સં. ૧૯૯૯ માં આગમોદ્ધારકે ટી બોર્ડ ઉપર આગમ–પુરુષનું આલેખન કરાવ્યું હતું. એની પ્રતિકૃતિ "શ્રીઆગમપુરુષનું રહસ્ય"માં અપાઇ છે. એ જોતાં એમાં આગમ–પુરુષનાં બાર અંગો તે તે સ્થળે વર્તુલ દ્વારા દર્શાવાયાં છે. જ્યારે મસ્તકની આસપાસ છ છેયસુત્તનું સૂચન કરાયું છે. બાકીના આગમો માટે કોઇ વ્યવસ્થા કરાએલી જણાતી નથી. આગમપુરુષને લગતી ગાથા પણ આમાં નથી.

વિ. સં. ૨૦૦૫ માં અહીંના (સુરતના) આગમ મંદિરમાં જે આગમ–પુરુષને સ્થાન અપાયું છે તેની પ્રતિકૃતિ અત્યાર સુધીમાં ત્રણ પુસ્તકમાં છપાઇ છેઃ (૧) **શ્રી આચારાંગસૂત્ર**, (૨) **આનંદસુધાસિન્ધુ** (ભા. ૨) અને (૩) **શ્રીઆગમપુરુષનું રહસ્ય** આ પૈકી પ્રથમનાં બે પુસ્તકોમાં મેં એ પ્રતિકૃતિનો પરિચય આપ્યો છે. એ પ્રતિકૃતિ વિ. સં. ૧૯૯૯ ની પ્રતિકૃતિ કરતાં અનેક રીતે ચડિયાતી છે, કેમકે એમાં આગમપુરુષને લગતી ગાથા છપાઇ છે; વળી ઉવંગોનું, ચરણ વગેરેમાં દોરવાયેલાં વર્તુલોમાં રંગ પૂરી, સ્થાન દર્શાવાયું છે. ચાર મૂલ સુત્તમાં **પિંડનિજ્જુત્તિનો** (નહિ કે **ઓઘનિજ્જુત્તિનો**) ઉલ્લેખ છે. વિશેષમાં ૪૬ (૧૨+૧૨+૪+૬+૨+૧૦) આગમોનાં નામો અપાયાં છે એમાં છેલ્લાં ચાર ઉવંગ સિવાયના આગમોનાં નામ સંસ્કૃતમાં છે. આમ નામો એક જ ભાષામાં અપાયાં નથી. ખરી રીતે શાસ્ત્રીય દૃષ્ટિએ બધાં જ નામો એક જ ભાષામાં અને તે પણ અદ્ધમાગહી (સં. અર્ધમાગધી)માં આપવા જોઇતાં હતાં.

આ વાતને બાજુએ રાખીએ તો એમ કહી શકાય કે આ પ્રતિકૃતિ ઉપરથી પ્રેરણા મેળવીને, એને સામે રાખીને આગમ–પુરુષની વિવિધ પ્રતિકૃતિઓ તૈયાર કરાવાઇ છે અને તેમ થતાં એનો બહોળો પ્રચાર થયો છે. આ દૃષ્ટિએ આગમ–પુરુષને મૂર્ત સ્વરૂપ અને તે પણ પ્રાયઃ યથાર્થ સ્વરૂપ આપવાનો યશ આગમોદ્ધારકને ફાળે જાય છે.

બાર અંગો અને બાર ઉવંગોની યોજના આગમ–પુરુષના દેહમાં–એનાં બાર અંગો–અવયવોને સ્થાને કરાઇ છે, જ્યારે બાકીના આગમોને આગમ–પુરુષના દેહની બહાર સ્થાન અપાયું છે. જેમકે છ છેયસુત્તને મસ્તકની આસપાસ આગમ–પુરુષના ભામંડળમાં, મૂલસૂત્રોને ચરણની નીચે, ચૂલિયાસુત્તને આગમ–પુરુષને જે કમળ ઉપર સ્થાન અપાયું છે તે કમળની પીઠિકામાં અને પઇણ્ણગોને આગમ–પુરુષની ઊભી પ્રતિકૃતિની બંને બાજુએ. આગમોનાં નામ આગમ–પુરુષના દેહમાં ન દર્શાવતાં એની આસપાસ દર્શાવાયાં છે.

"શ્રી આગમપુરુષનું રહસ્ય" એ નામના પુસ્તકમાં આ પ્રતિકૃતિનું જ મુખ્યતયા અનુકરણ કરાયું છે. એમાં તમામ આગમોનાં નામ સંસ્કૃતમાં અપાયાં છે, કમળને અંગે એની નાલ રજૂ કરાઇ છે અને એમાં ત્રિપદીનો નીચે મુજબ ઉલ્લેખ કરાયો છે, એ આ પ્રતિકૃતિની વિશિષ્ટતા ગણાયઃ—

**उपन्नेइ वा, विगमेइ वा अने धुवेइ वा।**

અહીંની (સુરતની) "શ્રી દેશાઇપોળ જૈન પેઢી" તરફથી મારું પુસ્તક નામે **પિસ્તાલીસ આગમો** વિ. સં. ૨૦૧૦ માં દીપોત્સવી ઉપર પ્રકાશિત કરાયું છે. એમાં જૈનાચાર્ય શ્રી વિજયકસ્તૂરસૂરિજીની દેખરેખ હેઠળ તૈયાર થયેલી આગમ–પુરુષની પ્રતિકૃતિ અપાઈ છે. એ આ પૂર્વે ગ્રન્થસ્થ કરાયેલી પ્રતિકૃતિઓ કરતાં કેટલીક બાબતમાં જુદી પડે છે. જેમકે (૧) અહીં તમામ આગમોનાં નામ અદ્ધમાગહીમાં અપાયાં છે અને એ આવકારદાયક પગલું ગણાય તેમ છે. (૨) સૂર્યનાં બાર કિરણો દર્શાવી, મધ્યનાં બેને છોડી દઇ બંને બાજુનાં પાંચ પાંચ કિરણોમાં એક એક પઇણ્ણગનો ઉલ્લેખ કરાયો છે. (૩) ૧૨ ઉવંગોનાં નામ તે તે અંગના નામની સાથે સાથે અપાયાં છે. (૪) આગમ–પુરુષના જમણા ચરણથી માંડીને એના મસ્તક સુધી અંગો અને ઉવંગોનાં નામ પૈકી એકી અંકવાળાં નામો (જેમકે **આયાર**, **ઓવવાઇય**, **ઠાણ**, **જીવાભિગમ**)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અપાયાં છે, જ્યારે બેકી અંકવાળાં નામોની શરૂઆત આગમ–પુરુષના ડાબા ચરણથી કરાઇ છે. (૫) આગમ–પુરુષને લગતી ગાથા આગમ–પુરુષના ભામંડળને ફરતી રજૂ કરાઇ છે. (૬) જે કમળ ઉપર આગમ–પુરુષની સ્થાપના કરાઇ છે તેમાં 'ત્રિપદી' એવો બાંધે ભારે ઉલ્લેખ છે.

અત્યાર સુધીમાં આગમ–પુરુષની પાંચ પ્રતિકૃતિઓ ગ્રન્થસ્થ થયેલી મારા જોવામાં આવી છે. બીજી રીતે પણ પ્રતિકૃતિઓ તૈયાર કરાઇ છે અને કરાશે તો આગમ–પુરુષની પ્રતિકૃતિ તૈયાર કરતી વેળા શાસ્ત્રીયતા પ્રત્યે પૂરેપૂરું લક્ષ્ય અપાય અને સાથેસાથે કળાને પણ સમુચિત સ્થાન મળે તેમ થવું ઘટે. આ સંબંધમાં અત્યારે તો થોડીક સૂચના કરવી બસ થશે:—

(૧) આગમ–પુરુષને અંગેની ગાથા તદ્દન શુદ્ધ અપાવી જોઇએ.

(૨) ગાત્રદ્વિકના અર્થનો અંતિમ નિર્ણય કરી તે પ્રમાણે પ્રતિકૃતિ આલેખાવી જોઇએ.

(૩) આગમોનાં નામ અદ્ધમાગહીમાં અપાવાં જોઇએ.

(૪) દસ પઇણ્ણગ તરીકે જે આગમો અત્યારે ગણાવાય છે તેનાં નામનો ક્રમ અને પ્રતિકૃતિમાં એનું સ્થાન એ બાબત નક્કી થવી ઘટે.

(૫) મૂલસુત્ત તરીકે **પિંડનિજ્જુત્તિ**નો ઉલ્લેખ કરવો કે **ઓહનિજ્જુત્તિ**નો એ બાબત પૂરેપૂરી વિચારાવી જોઇએ.

(૬) ત્રિપદી એવો બાંધે ભારે ઉલ્લેખ ન કરતો એનાં ત્રણ પદો રજૂ થવાં જોઇએ.

(૭) **અથર્વ–વેદ**માં 'કાલ–પુરુષ' વિષે અને રાજશેખરકૃત **કાવ્યમીમાંસા**માં 'કાવ્ય–પુરુષ' વિષે વિચારણા કરાઇ છે, પણ એકેની પ્રતિકૃતિ આલેખાઇ હોય એમ જણાતું નથી. પરંતુ જેમ જૈન આગમો માટે આગમ–પુરુષની પ્રતિકૃતિ જોવાય છે તેમ અન્ય ધર્માવલંબીઓ તરફથી તેમના મૌલિક ધર્મ-ગ્રંથો માટે પુરુષ જેવી કોઇ કલ્પના કરાયેલી હોય અને એની કોઇ પ્રતિકૃતિ પ્રકાશિત થયેલી હોય તો આગમ–પુરુષની કલાત્મક રચના કરતી વેળા એ તરફ લક્ષ્ય અપાવું ઘટે.

---

બીજાની ભૂલો કાઢવી તે બહુ જ સહેલું કામ છે કે જે મૂર્ખમાં મૂર્ખ માણસ પણ કરી શકે છે; પરંતુ ભૂલો ન કરવી તે ઘણું જ કઠણ કામ છે કે જેને કહેવાતા વિદ્વાનો પણ કરી શકતા નથી અને ગોથાં ખાધા કરે છે. જ્ઞાની પુરુષોને પણ ભૂલ ન કરવા હંમેશાં અપ્રમાદી–સાવધાન રહેવું પડે છે; તો પછી વિષયાસક્ત પામર જીવોનું તો કહેવું જ શું ? પોતાને માટે અથવા તો પરના માટે, સારું હોય કે નરસું હોય પણ જે કાર્ય કરો તે પહેલાં આટલું જરૂર યાદ રાખવું કે આ જે કાંઇ હું કરું છું તે મારા માટે જ છે પણ બીજાને માટે નથી. આ કાર્યના સારા અથવા તો નરસા પરિણામનો–ફળનો ભોગી હું જ છું, તેમાં બીજાને કાંઇ પણ લેવાદેવા નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી અંતરીક્ષ પાર્શ્વનાથ મહિમા છંદ

**તીર્થ અંતરીક્ષપાર્શ્વનાથજી**—કલિકાલમાં ધરતીથી અધર પ્રતિમાવાલું આ એક જ તીર્થ છે. તે તીર્થ **દક્ષિણ** અને મધ્યપ્રદેશનાં [1]ત્રણ તીર્થોમાંનું એક તીર્થ છે. તે મધ્યપ્રદેશના **આકોલા** જીલ્લાના **સિરપુર** ગામે આવેલું છે. અને તે **શ્રીઅંતરીક્ષપાર્શ્વનાથજી**ના નામથી પ્રસિદ્ધ છે.

( આ તીર્થ અંગે મુનિરાજ શ્રી જંબૂવિજયજીએ **શ્રીઆત્માનંદ પ્રકાશ**માં ( આ પેપરમાં ) તા. ૧૪-૪-૫૦ના અંકથી એક લેખમાલા શરૂ કરી તા. ૧૫-૨-૫૧ ના અંકે પૂરી કરી છે. તેમાં આ તીર્થ અંગે ઐતિહાસિક વાતો વગેરે વિસ્તારથી અપાયું છે. તેમાં શ્રી **જિનપ્રભસૂરિવિરચિત વિવિધતીર્થકલ્પ**, કવિ શ્રી **લાવણ્યસમયરચિત અંતરીક્ષજીનો છંદ**, **ભાવવિજયગણિવિરચિત શ્રીઅંતરીક્ષપાર્શ્વનાથ સ્તોત્ર** આદિ અનેક પ્રમાણો અને કોર્ટના ચૂકાદા વગેરેનો સારો સંગ્રહ કરી લેખ શણગાર્યો છે. તેથી લેખ ઘણો લાંબો ને મનોહર થયો છે. અહીં એક વાત ખાસ નોંધવા જેવી છે કે—**આગમોદ્ધારકશ્રીના સમયે બાસીમમાં ચાલેલ કેસની ૧૫-૪-૫૧ ના અંકમાં માત્ર નોંધ જ લીધી છે.** )

પ્રસ્તુત લેખમાં ઉપર જણાવેલી વાતોને સ્થાન ન આપતાં ફક્ત છંદ, તેમાં ગાયેલો મહિમા અને તેને લગતા પ્રસંગોનો પરિચય આપવાનો ઉદ્દેશ છે.

**શ્રીઅંતરીક્ષજી**—રાવણના સમયમાં વેલુ અને ગોબરથી બનાવી પૂજીને આશાતના નિવારવા સરોવરમાં પધરાવેલ, મુખાદિ પ્રક્ષાલનથી નીરોગી થયેલા રાજાદ્વારા પ્રગટ થયેલ, ગાડામાં લાવતાં પ્રમાદના પાપે અદ્ધર રહેલ, રાજાના અભિમાનથી મંદિરમાં નહિ બિરાજેલ, મલ્લધારી શ્રી અભયદેવસૂરિની આરાધનાથી પદ્માવતીદેવીએ જણાવેલ સંઘના બંધાવેલા મંદિરમાં સાત આંગલ અદ્ધર પ્રતિષ્ઠિત થયેલ, [2]**ભાવવિજયજીગણી**નાં આંખનાં પડલ ખોલી દર્શનથી પાવન કરેલ, તેમના જ ઉપદેશથી બંધાવેલા મોટા મંદિરમાં સં. **૧૭૧૫** ના ચૈત્ર સુદ ૬ ને રવિવારે પ્રવેશ કરી એક આંગલ અદ્ધર પ્રતિષ્ઠિત થયેલ ને કલિકાલે પણ અદ્ધર રહેલ **શ્રીઅંતરીક્ષપાર્શ્વનાથજી**ના મહિમાને ગાનારો આ છંદ છે.

**છંદ પ્રતિ પરિચય**—આ છંદની પ્રત ત્રણ પાનાની અને ૫૦ પદ્યવાળી છે. તેના બે પાનાની બન્ને પુઠ્ઠીમાં લખાણ છે. જ્યારે ત્રીજા પાનાની એક જ પુઠ્ઠીમાં નવ લાઇન છે. એક એક પુઠ્ઠીમાં સોલ સોલ લાઇન છે. એમ ૧૬×૪=૬૪+૯=૭૩ લાઇન છે. અને એકેક લાઇનમાં ૪૦ થી ૪૪ અક્ષરો છે, તેથી ગ્રન્થાગ્ર ૯૫ શ્લોક લગભગ થાય. છંદની ભાષા તો ગુજરાતી છે, પણ કર્તાએ છંદનું લાલિત્ય લાવવા સંસ્કૃતના સારા શબ્દોનો ઉપયોગ કર્યો છે.

**પદ્યોનો ભાગ**—આ છંદના પદ્યોમાં નીચે મુજબની જુદી જુદી ગેય પદ્ધતિઓ છે.

| | |
|---|---|
| ૧ થી ૫-દોહા | ૩૧-( અજ્ઞાત ) |
| ૬ થી ૯-છંદ | ૩૨ થી ૩૫-છંદજાતિ મરહટ્ટા ચાલ |
| ૧૦-૧૧-છંદજાતિ | ૩૬-૩૭-દુહા |
| ૧૨ થી ૧૬-ચાલ | ૩૮ થી ૪૨-છંદજાતિ રૂપ વર્ણન-અર્દ્ધનારાચ |
| ૧૭ થી ૨૦-છંદજાતિ ગીતા | ૪૩ થી ૪૬-દુહા |
| ૨૧ થી ૨૪-ચાલ | ૪૬ થી ૪૯-છંદજાતિ અડયલ પાડી |
| ૨૫ થી ૩૦-છંદજાતિ-દેશ નામ | ૫૦ -છંદજાતિ દેશી |

૧ કુલપાકમાં **માણિકયસ્વામી શ્રીઋષભદેવજી**, ભદ્રાવતીમાં **સ્વપ્નદેવ શ્રીકેશરિયાપાર્શ્વનાથજી** અને સિરપુરમાં **શ્રીઅંતરીક્ષપાર્શ્વનાથજી**.

૨ આ જ **ભાવ**વિજય ગણીનો રચેલો આ છંદ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**छंदनी मनोहरता**—પદ્યોનું મનોહરપણું લાવવા માટે કર્તાએ દરેકે દરેક પદ્યમાં શબ્દાનુપ્રાસ અને અંત્યાનુપ્રાસ એટલા બધા ને એવા સુંદર મેલવ્યા છે કે ગાનારને ગાવામાં આનંદ આવે ને પ્રભુ-સેવાનો ભાવ વધે. તેમજ સાંભળનાર એક ચિત્તે તન્મયપણે સાંભળે. આવી જાતની રચના એ ગુજ-રાતી ભાષાના સારા કવિપણાની છાપ પાડે છે. છંદની જે મનોહરતા બતાવી છે તે પ્રભુના મહિમાને ભાવવાની તન્મયતા બતાવે છે.

**महिमा**—આ છંદ કરતાં કર્તાએ **શ્રીઅંતરીક્ષપાર્શ્વનાથજી**ના પ્રાદુર્ભાવની વાત વર્ણવી નથી, પણ ઇતિહાસ જે મહિમાને કહે તે મહિમા ગાયો છે. સંસ્કૃતમાં પોતે સ્તોત્ર રચ્યું છે તે તો પંડિતો માટે ઠીક, પણ મંદમતિવાલાના બોધના માટે તો કંઈક જોઈએ તે હેતુથી કરેલી આ રચના છે.

છંદકારે **સરસ્વતી** પાસે વરદાન માગી, **પુરુષાદાનીય પાર્શ્વનાથ ભગવાન**ના ગુણ ગાવાની ઈંતેજારી કરી, અત્યંત કૌતુક કરનાર, કલિકાલમાં પણ ધરતીને નહિ સ્પર્શનાર, સ્થંભ માફક સ્થિર રહેનાર જણાવીને પોતાની ઉપર ઉપકાર કરવાપણું–એમ શરૂઆતનાં પાંચ પદ્યોથી કહ્યું છે. (પદ્ય ૧–૫)

નિર્મલગુણ ઇતિનાશક, કર્મનાશક, ઋદ્ધિ સમૃદ્ધિ અને દેવઋદ્ધિ આદિ દાયકપણું ૬ થી ૮ માં વર્ણવી, ૯ મામાં પ્રગટ અવદાતવાળા **શ્રીઅંતરીકપાર્શ્વનાથજી**નું સિરપુરમાં વિદ્યમાનપણું બતાવ્યું છે અર્થાત્ કર્તા **શ્રીઅંતરીકપાર્શ્વનાથજી**ના મહિમાને હવે ગાય છે. ( ૬–૯ )

પ્રભુ પ્રગટ પ્રભાવી છે, પ્રભુના નામને લેનારનો મહિમા ધરણેન્દ્ર વધારે છે ને વિઘ્ન નિવારે છે. સેવકોની કોડાકોડી પ્રભુને સેવે છે. વળી પ્રભુના નામે આઠ મોટા ભયો દૂર જાય છે. એમ ૧૦ ને ૧૧ મામાં કહ્યું છે. ( ૧૦–૧૧ )

**मोटा आठ भयो**—૧–ભયંકર રોગોનો ભય. ૨–જલનો ભય, ૩–અગ્નિનો ભય, ૪–સર્પનો ભય, ૫–ચોરનો ભય, ૬–કેશરીસિંહનો ભય, ૭-ગજનો ભય ને ૮–સેના( પરચક્ર )નો ભય, આ 'આઠ ભયો' ભયરૂપે કેવા વિકરાલ છે. તે વર્ણવી પ્રભુના નામથી શું થાય? તે ૧૨ થી ૨૦માં યથાર્થ વર્ણવી બતાવ્યું છે. ( ૧૨–૨૦ )

આંખના પડલ કાપે, ધરણેન્દ્ર રાજ પણ આપે, પદ્માવતી પરચો પૂરે, સંકટ ચૂરે, ને આપત્તિ નાશ પામે એમ ૨૧–૨૨ થી જણાવ્યું છે. ત્રણ ભુવનમાં મોટા દેવપણું ૨૩ મામાં કહ્યું છે. ૨૪ મામાં દેશના નામ કહેવાની વાત જણાવી, ૨૫ થી ૩૦ માં દેશોનાં નામો જણાવતાં ૮૭ દેશોનાં નામ જણાવી તે દેશો 'તારા પ્રતાપે પ્રબલ પ્રતપે છે' એમ જણાવ્યું છે. ( ૨૧–૩૦ )

૩૧ મું કયા ગેયમાં જોડવું ને બરોબર સમજાતું નથી, પણ ત્રણે ભુવનમાં તારો મહિમા પ્રગટ જ છે એમ જણાવ્યું છે. ( ૩૧ )

મોક્ષ આપવાપણું, ઉપદ્રવ હરવાપણું, દીપાવવાપણું અને વાંછિત આપવાપણું ૩૨ મામાં વર્ણવ્યું છે. ૩૩ મામાં ભગવાન્ ઉપર તુંહિ તુંહિપણાને દેખાડયું છે. રાજઋદ્ધિ કેવી હોય તે વર્ણન કરી જણાવે છે કે તાહરા નામે તે પણ મલે છે. એમ ૩૪–૩૫ માં કહ્યું છે. ( ૩૨–૩૫ )

ધર્મમાં ધન વાપરે તેનો જ અવતાર સાર ને લક્ષ્મી પણ તે જ સાર. વળી તમારું રૂપ જોવા કેટલા ઊભા છે! તે ૩૬–૩૭ માં કહ્યું છે. ( ૩૬–૩૭ )

૩૮ થી ૪૨ માં ભગવાનના શરીરના તે તે અવયવોના રૂપનું વર્ણન કરતાં યથાર્થતા ઘટાવી ને જણાવે છે કે જે ઉપમા છે તે તો નિરર્થક થાય છે. વળી કહે છે કે–દરિદ્રતાનાશક, અનાથના નાથ, કમઠના મદને ભાંગનાર ને કુમતિ કાપનાર ત્રણ જગતમાં જય પામો. ( ૩૮–૪૨ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૪૩ થી ૪૫ માં **ભાવવિજયજી** મહારાજે પોતાનું જે સ્વરૂપ ( નેત્રનું તેજ જવાપણું ) હતું, તે જ સ્વરૂપને જાણે સાક્ષાત્કારરૂપે ન કહેતા હોય તેવો ચિતાર ખડો કર્યો છે. અર્થાત્ અજંદાર પોતે થાય છે. પડલો દૂર કરી આંખોએ દેખાડવાની માગણી કરે છે. પોતે ચકવો થઈ ભગવાનને સૂર્ય બનાવે છે. પોતે ચકોરી બની ભગવાનને ચંદ્રમા બનાવે છે. વળી રાતે સ્વપ્નમાં ભગવાનના દર્શનની વાત જે જણાવી તે વાતને સાચી કરવાનું જણાવે છે. અને છેવટના ( ૪૬ મા ) પદ્યમાં તમારા દર્શનનું કેટલું ફળ છે તે વર્ણવી બતાવે છે. ( ૪૩–૪૬ )

આ રીતે 'અંતરીક અંતરજામિ' નો મહિમા ગાઇ ઉપસંહારની રીતિ લેતાં ફરીથી પણ દર્શનની ભાવનાને બતાવી તાહરા ગુણો ગાવાની તાકાદ નથી એમ કહે છે. આ તો મા–બાપ પાસે જેવું તેવું બોલનાર બાલક, જેમ તેમ બોલે, પણ તે પ્રિય લાગે, તેમ પોતે બાલકે અલ્પ મતિવાળા માટે આ રચના કરી છે એમ કહીને પોતાનું નામ કહેતાં ૪૭ થી ૪૯ પદ્યો પૂરાં કર્યાં છે. ( ૪૭–૪૯ )

**कळश**—કળશરૂપ છેલ્લા પદ્યમાં આનંદથી કરવાપણું, સાંભળનારને ચંદ્ર જેવી શીતળ વાણી જણાવી, વિજયદેવસૂરિ અને વિજયપ્રભસૂરિનું ગણધારીપણું કહી, બન્નેની વિદ્યમાનતાથી બન્નેને પ્રણામ કરી, પોતાનું અશરણને શરણુ આપનાર **શ્રી અંતરીક્ષ પાર્શ્વનાથને** સ્તવવાપણું જણાવે છે. અને તે જ છેલ્લા પદ્યના છેલ્લા ભાગમાં પોતાનું નામ જણાવતાં '**ભાવ**વિજય વાચક' મહારાજ જે વખતે **શ્રી અંતરીક્ષ પાર્શ્વનાથની** સ્તવના કરતાં પડલો ગયાં હતાં ને પ્રભુને દેખ્યા હતા તે વખતે '**જય જય**' શબ્દનો પ્રયોગ કર્યો હતો તે જ શબ્દનો પ્રયોગ કરતાં આ છંદને સંપૂર્ણ કરે છે. ( ૫૦ )

**ભાવ**વિજયજી મહારાજની જે આંખોએ નહિ દેખાવાની વાત હતી તે જ વાત જાણે પોતે કહેવા ન માગતા હોય તેમ પદ્ય ૨૧, ૨૩, ૩૩, ૪૩ ને ૪૭ માં બોલે છે.

**कर्ता:—સાચોર( સત્યપુર )**ના **રાજમલ** ને **મૂળી** માતાના લાડીલા **ભાનીરામ** મટીને **આચાર્ય** શ્રી વિજયદેવસૂરિ પાસે દીક્ષા લેનાર, યોગોદ્વહન આદિની યોગ્યતાએ જોધપુરમાં ગણી બનનાર, **આબૂની** યાત્રા કરી **ગુજરાતમાં** આવતાં ગ્રીષ્મના તાપથી આંખો ગુમાવનાર, શ્રીવિજયદેવસૂરિએ બતાવેલ **પદ્માવતી મંત્રની** આરાધના કરી પદ્માવતીને સાક્ષાત્ કરનાર, તેના કહેવાથી સંઘ સાથે **સિરપુર શ્રી અંતરીક્ષ-પાર્શ્વનાથજીના** દર્શને આવનાર, દર્શન ન થાય ત્યાં સુધી અન્નજલ છોડનાર ને સ્તવન કરતાં આંખનાં પડલ તૂટતાં દર્શન કરનાર '**ભાવવિજયજી** વાચક' આ છંદના કર્તા છે.

તેમણે જ નાના મંદિરના કારણે નવું મોટું મંદિર બંધાવરાવી પ્રભુની પ્રતિષ્ઠા કરાવી છે.

સ્તોત્રમાં 'ગણિ' શબ્દનો પ્રયોગ છે. જ્યારે આ છંદમાં 'વાચક' શબ્દનો પ્રયોગ છે.

છંદનાં પાનાં ઘણાં જૂનાં લાગતાં નથી અને શુદ્ધિ સારી છે. છંદ જે રૂપે છે તે રૂપે જ '**पणि हुँ**' થી અંત '**श्रेय**' ॥ સુધી રાખ્યો છે. ( ) આવા ચિહ્નોમાં મારું ઉમેરેલું છે. [ ] આવા ચિહ્નમાં છે તે નિરર્થક લાગે છે. આ બન્ને ચિહ્નો મારાં કરેલ છે.

આ છંદ વાંચી **શ્રીઅંતરીક્ષપાર્શ્વનાથના** મહિમાને જાણી, આરાધનામાં તત્પર થઇ ભવ્યો ભવભયથી નિર્મુક્ત થઇ '**અભય**' ને પ્રાપ્ત કરો.

" એ રીતે **શ્રીઅંતરીકપાર્શ્વનાથનો** તે આ છંદ સમાપ્ત થયો શ્રેય ॥ "

**वीर सं. २४८० वि. सं २०१०**
**वैशाख वद ११**
**हिंगनघाट-( मध्यप्रदेश )**

**આગમોદ્ધારકની ઉપસંપદાને પામેલ**
મુનિ
**કંચનવિજય**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

भावविजयवाचकविरचित

# श्रीअंतरीकपार्श्वजिन छंद ।

॥ ९० ॥ ॐ श्रीवीतरागाय नमः ।[१]

## दोहा

सारदमात मया करि, आपो अविचल वाणि(णी) ।
पुर(रि)सादांणी पासजिन, गाउं गुणमणि खाणी ॥ १ ॥
अद्भुत कौतुक कलियुगें, दीसें एह अदंभ ।
धरती अधर रहें सदा, अंतरीक थिर थंभ ॥ २ ॥
महिमा महिमंडल सबल, दीपें अनुपम आज ।
अवर देव सुता सवे, जागे तुं जिनराज ॥ ३ ॥
एक जीभ करि कीम कहुं, गुण अनंत भगवंत ।
कोड जीभ करि कै कहें, तोहि न आवे अंत ॥ ४ ॥
तुं माता तुंहि ज पिता, भ्राता तुंहि ज बंधु ।
मन धरि मुज उपर करो, करुणा करुणासिंधू ॥ ५ ॥

## छंद

करी करुणा करुणारस सागर, चरणकमल प्रणमें नित नागर ।
निरमल गुणमणि सुण वयरागर, सुरगुरु अधिक अछे मति आगर ॥ ६ ॥
कामकुंभ जिम काम(मि)त दायक, पद प्रणमें सुरवर नर नायक ।
मथित सुदुर्मथ मनमथ सायक, अष्टकर्मरिपु दल बल घायक ॥ ७ ॥
नवनिद्ध रिद्ध सिद्धि तुज नामें, मनवंछित सुख संपति पांमें ।
जे प्रभु पदपंकज सिर नांमें, बहूला(ली) सुरमहिला तस कामें ॥ ८ ॥
बहूल वसें विवहारि व्रातं, वर सिरपुर वसुधा विख्यातं ।
जिहां राजें जिनवर जगतातं, अंतरिक अनुभव अवदातं ॥ ९ ॥

## छंद जात(ति)

अवदात जेहनों जगत्र जांणें, गुण वखाणें सुरधणी,
परसाद प्रभुनें प्रगट परभव, पामियो प्रभुपद फणी ।

१. अमे विहार करी हिंगनघाट आव्या हता त्यारबाद पू पं. धर्मसागरजीगणी महाराज वगेरे पण अत्रे पधार्या. त्यारपछीथी अत्रेना भंडारने तपासतां, तेना छूटा पानांमांथी आ छंदनां त्रण पानां मारा मित्र मुनिराज श्री अभयसागरजीने मळ्यां हतां.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



महिमा वधारें विघन वारें, करे शेवा अति घणी,
तुम नाम लीनों रहे भीनों अवर देवह अवगणी ॥ १० ॥
नर नाथ कोडि हाथ जोडी, मान मोडी इंम कहे,
प्रभु नाम चरणें जिके सरणें, रहें तें परपद लहें ।
वलि जेह उतकट विकट संकट, निपट नाव ते वली,
भय आठ मोटा निपट खोटा, दूरथी जाये टली ॥ ११ ॥

## चाल

जे रोग भयंकर दुष्ट भगंदर, दुष्ट खय न (?) खस खास,
हरिखा अंतर्गत (ड)वलि मलज्वर, विषमज्वर जाइ नास ।
दिसें अति माठा वलि व्रत चाठा, नाठा जाइं जेह,
तुम दरसण सामी शिवगतिगामी, चामीकर सम देह ॥ १२ ॥

जलनिधि जलगजे(ज्जे) प्रवहण भज्जे वज्जे वाय कुवाय,
थरहर तिहां धुज्जे दरिं(हरि)हर पुजे, कीजे बहुल उपाय ।
मनमांहे कंपें हई हइ जंपें, किणही किंपि न थाय,
इण अवसर भावें प्रभुनें ध्यावें, पावें ते सुख थाय ॥ १३ ॥

झंडफे तरुडाला पावक झाला, काला धुंण कलोल,
उछलता देखी जाइं उवेखी, पंखी पडय दंदोल ।
पंथी जन न्हासें भरीया सासें, त्रासें धूजे तेह,
तेणें ठामें प्रभुनें नामें, कुशले पांमे घेह ॥ १४ ॥

फणनें आटोपें मणिधर कोपें, लोपे जे वली लीह,
धसमसतो आवे देखीं धाव, लबकावें दोय जीह ।
बीहें जण जातां देखि रातां, लोयण तस विकराल,
कीधे गुणग्याने प्रभुनें ध्यानें, अहि थाइं विसराल ॥ १५ ॥

पापे पग भरतां हिंडे फिरतां, करता अति उन्माद,
घोटक जिम छूटें अति आकुटें, लूटें निपट निखाट(द) ।
वनमां जे पडियां चोरे नडींयां, अडवडियां आधार,
इण अवसर राखे कुण प्रभु पाखे, भाखे वचन उदार ॥ १६ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## छंद जाति गीता

मयमत्त मयंगल अतुल बलधर जास दरसण भज्जए,
केसरीयसिंह अविद अनीहें मेह समवड गज्जए।
विकराल काल कराल कोपें सिंहनाद विमुक्कए,
सुख धाम प्रभु तुंम नाम लेतां तेह सिंह न ढूकए ॥ १७ ॥
गललाट करतो मद्द झरतो कोप करतो धावए,
भय रोस रातो अधिक मातो अति उजातो आवए।
घरहाट फोडें बंध तोडें मान मोडें विपतणू,
तुम नाम ते गज अजा र्था(था)यें वसें आवे अतिघणू ॥ १८ ॥
रणमांहि सूरा भडें पूरा लोह चूरा चूरए,
गजकुंभ भेदें सीस छेदें वहें लोहित पूरए।
दल देखि कंपे दीन जंपें करें प्रबल पुकारए,
तुम स्वामि नामे तिणें ठामें वरें जय जयकारए ॥ १९ ॥
भय आठ मोटा निपट खोटा [दुष्ट खोटा] जेम रोटा चूरीइं,
अश्वसेन घोटा तुझ प्रसादें मनमनोरथ पूरीइं।
महिमांहि महिमा वधें दिन दिन चंदनें सूरज समो,
जस जाप करतां ध्यान धरतां पार्श्वजिनवर ते नमो ॥ २० ॥

## चाल

छाया पडलं वालय वि कापें, आंख्यां तेज अधिक वलि आपें।
पन्नगपति प्रभुनें परतापें, अविचल राज काज थिर थापें ॥ २१ ॥
पद्मावती परचो बहू पूरे, प्रभु प्रासाद संकट सवि चूरें।
अलवत अलगी जाइं दूरे, लखमी घर आवे भरपूरें ॥ २२ ॥
महिमंडल मोटो तुं देवह, चौसठ इंद करे तुज सेवह।
त्रिभुवन ताहरूं तेज बिराजें, जस परताप जगत्रमें गाजें ॥ २३ ॥
केता देस कहूं वलि नामें, प्रभुनी कीरत जिन जिन ठामें।
पुर पट्टण संवाहण गामें, सुणतां नाम भविक सुख पामें ॥ २४ ॥

## छंद जाति द(दे)श नाम

अंग वंग किलंग मरुधर मालवो मरहट्टए,
।मीर नें हम्मीर हव्वस सवालाख सोरठ(ट्ठ)ए।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



कामरु कुंदण दमण देशें जपें तोरो जापए,
इण देश अविचल प्रबल प्रतपें पास प्रगट प्रतापए ॥ २५ ॥
लाटनें कर्णाट कन्नड मेदपाट मेवातए,
वलि नाट घाट वैराट वागड वछ कछ कुसातए ।
स तिलंग गंग फिरंग देशें जपें तोरो जापए, इण देश० ॥ २६ ॥
वलि उड तोड सुगोड द्राविड चोट नट महाभोटए,
पंचाल नें बंगाल बंग ससवर बब्बर कोटए ।
मुलतान मागध मगधदेशें जपें तोरो जापए, इण देश० ॥ २७ ॥
नमिआड लाड कुणाल कोसल बहुल जंगल जाणियें,
खुरसाण रोम अइराक आरब तुरक बात बखाणियें ।
कुरु अच्छ मच्छ विदेह देशें जपें तोरो जापए, इण देश० ॥ २८ ॥
कासीय केरल अनें केकइ सूरसेन संडिलझए,
गंधार गुज्जर गाडणें वडीयार गुंड विदर्भए ।
कणवीर नें सोविर देशे जपें तोरो जापउ, इण देश० ॥ २९ ॥
नेपाल नाहल अमल कुंतल अजल कज्जल देशए,
प्रतकाल चिल्लल मलय सिंहजी सिंधू देश विशेसए ।
खस खान चीन सिलाण देशे जपें तोरो जापए, इण देश० ॥ ३० ॥
प्रतपें प्रबल प्रताप तात संताप निवारण,
दश दिस देश विदेश भ्रमति भविक जण सुख कारण,
रोग सोग सवि टलें मिलें मनवंछित भोगह ।
दोहग दु(:)ख दरिद्द दूर सवि टले विजोगह,
स्वर्ग मृत्यु पातालमें त्रिहुं भवन प्रगटों सदा;
पार्श्वनाथ प्रताप तुझ आपें अविचल संपदा ॥ ३१ ॥

## छंद जाति-मरहटा चालि

अविचल पद आपें थिरकरि थापे जगव्यापक जिनराज,
उपद्रव सवि जाइं सुरगुंण गाइं वसि थाइं जिनराज ।
दीपें परं दीपें रिपुनें जीपें दीपें जिम दिनराज,
पदपंकज पूजें प्रभुना रिजें सीझें वंछित काज ॥ ३२ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



तुं छे मुज नायक हुं तुज पायक लायक तुज समान,
कुण छे जगमांहें सोंहें बांहें राखें आप समांन ।
तुंहिज ते दीसें विसवाविसें होयडुं हीसें हेव,
देखुं हुं नयणें जंपु वयणें निरमल गुण तुम देव ॥ ३३ ॥
सिंधूर सुंडाला मदमतवाला डुंदाला दरबार,
झूलें मनिगमतां रंगें र(म)ता उच्छालंता वार ।
तुरकी तेजाला आगल पाला झुंझाला तरवार,
झालिने दौडें होडा होडे जोडें बहू परिवार ॥ ३४ ॥
हयवर पाखरिया रथ जोतरिया घुघरना घमकार,
सोवन चीतरीया नेजा धरिया परवरिया असवार ।
गज बैठा चालें रिपुमन सालें मालें लखमी सार,
एहवि रिद्धिपांमें प्रभुने नामें सफल करे अवतार ॥ ३५ ॥

## दोहा

अवतार सार संसारमांहि, तेह तणो जांणींयें ।
धन कमाइं धरमथानक, जिणें लखमी मांणिइं ॥ ३६ ॥
सुंदर रूप सुहामणू, श्रवण सूंणी नरनारि ।
कोडि कर जोडि रहें, दरसणनें दरबार ॥ ३७ ॥

## छंद जाति–रूपवर्णन–अर्द्धनाराच

प्रीयंगुवन्न निल तन्न देखि मन मोहए, सुनूर सुरनूरथै अधिक जोति सोहए ।
अमंद चंद वृंदथै कला पर दिप्पए, सुरिंद कोटि कोटिथै जिणंद जोर जीप्पए ॥ ३८ ॥
अमूल फूल बाण केकबाण तो न लग्गए, दुजोध क्रोध जोध वैर मान छोडि भग्गए ।
अदिन तुं सुदीनबंधु देहि मुख मग्गए, सरण्य जांण सामीके चरण्यकु विलग्गए ॥ ३९ ॥
सुजोति मोति जोतिथै सुदंत पंति दिप्पए, गुलाल लाल उष्ट(ष्ठ) थै प्रवाल माल छिप्पए ।
सुवास सास वासथै कपूर पूर भज्जए, व(प) लंब लंब बाहूथै मृणाल नाल लज्जए ॥ ४० ॥
अनूप रूप देखतै जिणंदचंद पासए, पदारव्यं(विं)द व्यं(वं)दथै कुपाप व्याप नासए ।
दरिद्रपुर चूरकें [पपुरकै] प्रपुर मोरि आसए, अनाथ नाथ देह हाथ कर सनाथ दासए ॥४१॥
कमठ हठ गंजनों कुकर्म मर्म भंजनो, जगज्जनाति रंजनों मदद्रुम प्रभंजयो ।
कुमति मति मंजनो नयन्न युग्म खंजनो, जगत्रए अगंजनो सो जयों पार्श्व निरंजनो ॥ ४२ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## दुहा

पास एह निज दासनी, अवधारो अरदास ।
नयणें देखाडी दरिस, पूरो पूरण आस ॥ ४३ ॥
चकव चाहें चित्तसुं, दिनकर दरसण देव ।
चतुर चकोरि चंद जिम, हुं चाहुं नितमेव ॥ ४४ ॥
निरसभर सूता निंद में, दीठुं दरसीण आज ।
परतिक देखाडी दरिस, सफल करो मुज काज ॥ ४५ ॥
तुम्ह दरसण सुखसंपदा तुम दर(स)ण नवनिद्ध ।
तुम्ह दरसणथी पांमियें, सफल मनोरथ सिद्ध ॥ ४६ ॥

## छंद जाति–अडयल पाघडी

अंतरीकप्रभु अंतरजामी, दीजे दरसण शिवगतिगामी ।
गुण केता कहियें तुम स्वांमि, कहतां सुरसति पार न पांमि ॥ ४७ ॥
कीधी छंद मंद मति सारु, हितकर चित्तमें धरजो वारु ।
बालक जदवा तदवा बोले, माताने मन अमृत तोलें ॥ ४८ ॥
कीयों कवित चितने उलासें, सांभलतां सवि आपद नासें ।
संपद सघली आवें पासें, 'भावविजय' भगतें इम भासें ॥ ४९ ॥

## छंद जाति–देशी

कीयों छंद आणंद वृंद मनमांहे आंणी, सांभलतां सुखकंद चंद जिम शीतल वांणी,
श्रीविजयदेव गुरुराज आज तस गणधर गाजें, श्रीविजयप्रभनाम कांम समरूप विराजें ।
गणधर दोय प्रणमी करी, थुण्यो पास असरण सरण,
'भावविजयवाचक' भणें, जयो देव जयजय करण ॥ ५० ॥

इति श्रीअंतरीक पार्श्वजिन छंद समाप्तोऽयमिदम् श्रेय ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સભાના મેમ્બર થવાથી થતો અપૂર્વ લાભ.

રૂા. ૫૦૧) રૂા. પાંચસો એક આપનાર ગૃહસ્થ સભાના પેટ્રન થઇ શકે છે. તેમને છેલ્લા પાંચ વર્ષમાં પ્રગટ થયેલા ગુજરાતી પ્રકાશનો ભેટ તરીકે મળી શકે છે.

રૂા. ૧૦૧) પહેલા વર્ગના લાઇફ મેમ્બર થનારને ચાલુ વર્ષના બધા ગુજરાતી પ્રકાશનો ભેટ મળી શકે છે અને અગાઉના વર્ષના પુસ્તકો પુરાંત હશે તે પેટ્રન તથા લાઇફ મેમ્બરોને પોણી કિંમતે મળી શકે છે.

રૂા. ૫૧) બીજા વર્ગના લાઇફ મેમ્બર. તેમને પુસ્તકની જે કિંમત હશે તેમાંથી ત્રણ રૂપિયા કમી કરી બાકીની કિંમતે આ વરસના પુસ્તકો ભેટ મળી શકશે; પણ રૂા. ૫૦) વધુ ભરી પહેલા વર્ગમાં આવનારને પહેલા વર્ગને મળતો લાભ મળશે. બીજા વર્ગમાં જ રહેનારને ત્રણ રૂપિઆની કીંમતના ભેટ મળશે.

રૂા. ૧૦૧) ભરનાર પહેલા વર્ગના લાઇફ મેમ્બરોને નીચેના સાત વર્ષોમાં જે પુસ્તકો ભેટ આપવામાં આવ્યા છે તે નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| સં. ૨૦૦૩માં | શ્રી સંઘપતિ ચરિત્ર—( સચિત્ર ) | કિં. રૂા. ૬-૮-૦ |
| | શ્રી મહાવીર ભગવાનનાં યુગની મહાદેવીઓ | ,, ,, ૩-૮-૦ |
| સં. ૨૦૦૪માં | શ્રી વસુદેવ હિંડી ભાષાંતર | ,, ,, ૧૫-૦-૦ |
| | શ્રી શાંતિનાથ પ્રભુ ચરિત્ર ( સચિત્ર ) | ,, ,, ૭-૮-૦ |
| સં. ૨૦૦૫માં | શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર ( સચિત્ર ) | ,, ,, ૧૩-૦-૦ |
| સં. ૨૦૦૬માં | શ્રી દમયન્તી ચરિત્ર ( સચિત્ર ) | ,, ,, ૬-૮-૦ |
| | જ્ઞાન પ્રદીપ ભાગ ૨ | ,, ,, ૪-૦-૦ |
| | આદર્શ સ્ત્રી રત્નો ભાગ ૨ | ,, ,, ૨-૦-૦ |
| સં. ૨૦૦૭ | શ્રી કથારત્નકોષ ભાષાન્તર ગુજરાતી ભાગ ૧ | ,, ,, ૧૦-૦-૦ |
| ,, ૨૦૦૮ | શ્રી તીર્થંકર ચરિત્ર ( સચિત્ર ) | ,, ,, ૬-૦-૦ |
| | શ્રી અનેકાન્તવાદ ( ગુજરાતી ) | ,, ,, ૧-૦-૦ |
| | ભક્તિ ભાવના નૂતન સ્તવનાવળી | ,, ,, ૦-૮-૦ |
| સં. ૨૦૦૯માં | શ્રી શ્રેયાંસનાથ ચરિત્ર-સચિત્ર | ,, ,, ૭-૮-૦ |
| | જ્ઞાન-પ્રદીપ ભાગ ત્રીજો | ,, ,, ૨-૦-૦ |
| | નમસ્કાર મહામંત્ર | ,, ,, ૧-૦-૦ |
| | | રૂા. ૮૬-૦-૦ |

હવે આપવાના ભેટના પુસ્તકો નવા તૈયાર થશે ત્યાં સુધી નવા થનાર લાઇફ મેમ્બરને ઉપરોક્ત સં. ૨૦૦૯ ના ભેટના પુસ્તકો ભેટ મળશે. ૨૦૧૦-૨૦૧૧ ના ભેટ પુસ્તકો માટે શ્રી કથારત્નકોષ ભાગ બીજો તૈયાર થાય છે.

પહેલા વર્ગના લાઇફ મેમ્બરની ફી રૂા. ૧૦૧) ભર્યેથી રૂા. ૧૩) નું શ્રી પાર્શ્વનાથ ચરિત્ર રૂા. ૭) વધુ ભર્યેથી આપવામાં આવશે. માટે પ્રથમ વર્ગના લાઇફ મેમ્બર થઈ મળતા ભેટના પુસ્તકોનો લાભ મેળવો. જૈન બંધુઓ અને બ્હેનોને પેટ્રન અને લાઇફ મેમ્બર થઇ નવા નવા સુંદર ગ્રંથો ભેટ મેળવવા નમ્ર સૂચના છે.

બાવન વરસથી પ્રગટ થતું આત્માનંદ પ્રકાશ માસિક દર માસે જિંદગી સુધી ભેટ મળશે. મેમ્બર થવામાં જેટલો વિલંબ થશે તેટલા વરસના ભેટના પુસ્તકો ગુમાવવાના રહેશે; અત્યારસુધીમાં આશરે ૭૦૦ સંખ્યા લાઇફ મેમ્બરોની થઈ છે.

**શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 314

અનુભવે ચિંતક સમજે કે સુખ દેખાય છે ત્યાં સુખ નથી. સુખ નથી રમામાં કે નથી રામામાં; નથી બાગમાં કે નથી બંગલામાં; નથી પુત્રમાં કે નથી પરિવારમાં; નથી મનગમતાં દ્રશ્યો નિહાળવામાં કે નથી મનગમતી વસ્તુઓ આરોગવામાં. સુખ છે સંયમ અને સમભાવમાં; વિરાગ અને ત્યાગમાં; સુખ છે આત્મામાં.

માટે જ સુખ મળે આત્મ લક્ષ્યે. જ્યાં પરનું લક્ષ્ય ત્યાં પાપ. પાપ દુઃખનું કારણ અને પાપનું કારણ અશુભ આશ્રવ. અશુભ કર્મને આવવાના દ્વારનું નામ છે અશુભ આશ્રવ.

× × ×

પ્રગતિવાંછુ અશુભ પુદ્દગલોને ઉપાર્જતો અટકે. ઈંદ્રિયોની સેવા, કષાયની અધીનતા, અવ્રતની આચરણા, મન, વાણી અને દેહનું છૂટાપણું વગેરેથી અશુભ કર્મપુદ્દગલોનું આત્મા પાસે આગમન થાય છે. હિંસા અને અસત્ય, ચોરી અને અબ્રહ્મ, પરિગ્રહ અને મમત્વ અશુભ પુદ્દગલોને વેગપૂર્વક ખેંચી લાવે છે. રાગ અને દ્વેષ, માન અને રીસ, માયા અને વાસના જ્યાં હોય ત્યાં અશુભ કર્મપુદ્દગલો દોડ્યા આવે. જ્યાં મન ભટકે અને વાણી સ્વચ્છંદી બને, જ્યાં દેહને છૂટો મૂકાય અને ઈંદ્રિયોને મોકળી રખાય ત્યાં અશુભ કર્મો વિના આમંત્રણે આવે.

અશુભ કર્મપુદ્દગલોને આવવાના ઉપરોક્ત માર્ગોનું નામ છે અશુભ આશ્રવ. સુખની અભિલાષા સેવનારે એ માર્ગોને બંધ કરવાં જ રહ્યાં.

(શ્રી ન. અ. ક્યાસો : વિજયપ્રસ્થાન પૃ. ૧૧૧-૨)

મુદ્રક : શાહ ગુલાબચંદ લલ્લુભાઈ–શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ, દાણાપીઠ–ભાવનગર.

For Private And Personal Use Only